CC No. 1700/2026

ગુજરાત પ્રોહી એક્ટની કલમ ૮૫(૧) મુજબના કામે આંક– ની અરજી તળે આંક ૧ નીચે હુકમ

---

**આંક ૧ નીચે હુકમ**

હાલના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી અવિનાશભાઈ ભીમાભાઈ મસ્કેનાઓ તા.૨૧–૧–૨૬ ના રોજ મોજે વાગદા ગામે જાહેરમા વગર પાસ પરમીટે જાહેરમાં દારુનો નશો કરી લવારા બકવાસ કરતા પકડાઈ જઈ પ્રોહી એક્ટની કલમ ૮૫(૧)મુજબનો ગુનો કરેલ છે. તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા જણાતા અત્રેની કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ છે. ત્યારબાદ આરોપીને હાજર રહેવા સમન્સ કાઢવામાં આવેલ છે. સમન્સ બજતા આરોપી વિ.વ.શ્રી સાથે હાજર થયેલા છે અને તેઓને કેસ પેપર્સની નકલ આપવામાં આવેલ છે. આરોપીના વિ.વ.શ્રી દ્વારા હાલની ડિસ્ચાર્જ અરજી આપેલ છે અને અરજીમાં જણાવ્યા પ્રમાણે વિગતો જણાવે છે અને આરોપી વિરુદ્ધ તહોમતનામુ કરી શકાય તેટલો પુરાવો પ્રોસીક્યુશન તરફે ચાર્જશીટ સાથે રજુ કરેલા નથી. વધુમાં આરોપીના વિ.વ.શ્રી જણાવે છે કે, ફરીયાદી ફરીયાદમાં પણ આરોપી શુ લવારા બકવાસ કરતા હતા તેમ જણાવેલ નથી. તેમજ એફ.એસ.એલનો કોઈ રિપોર્ટ ચાર્જશીટ સાથે રજુ કરવામાં આવેલ નથી. વધુમાં તેઓ જણાવે છે કે સદર કામના પંચો પોલીસના કાયમી પંચો છે.તેવા સંજોગોમાં આરોપી વિરુદ્ધ તહોમતનામુ કરી શકાય તેટલો પુરાવો રેક્ડ પર નથી તેથી આરોપી વિરુદ્ધ તહોમતનામુ ન કરતા આરોપીને બિનતહોમત છોડી મુકવા વિનંતી કરે છે.

આરોપી તરફે વિ.વ.શ્રીને સાંભળ્યા. પ્રોશીક્યુશન તર્ફે એપીપીશ્રીનો "વાંધો નથી" નો શેરો કરેલો છે તે સીવાય બીજી કોઈ હકીકત જણાવેલ નથી. બંને પક્ષકારોને સાંભળ્યા, કેસની હકીકતો ધ્યાને લીધી તેમજ કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લીધી. સદર કામે ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ ૮૫(૧) જોગવાઓ નીચે મુજબની છે.

**પ્રો હી કલમ ૮૫(૧)**

જે કોઈ વ્યક્તિ,જેમાં લોકોને આવ–જા કરવાનુ છુટ હોય અથવા આવ–જા કરવા દેવામાં આવતી હો. તેવા કોઈ રસ્તા,રાહદારીના માર્ગ,સાર્વજનિક સ્થળમાં છાકટો બનેલો હોય અને ઉપદ્રવ ઉબો કરતો હોય,કોઈ વ્યક્તિ સાથે ઝગડો કરતો હોય,અપશબ્દવાળી અથવા અશિષ્ટ ભાષાનો ઉફયોગ કરતો હોય,બીજા સાથે મારામારી કરતો હોય,કોઈ પણ સ્ત્રીસાથે ગેર વર્તણુક કરતો હોય અથવા અશ્લીલ ચેનચાળા કરતો હોય,તેને દોષિત ઠર્યેથી,ત્રણ વર્ષ સુધીનની,પરંતુ એક વર્ષથી ઓછી નહી તેટલી મુદત સુધીની કેદની અને દંડની શિક્ષા થશે.

હાલના કેસના ફરીયાદ તેમજ પંચો તથા અન્ય સાહેદોના નિવેદનો જોતા તેમાં આરોપી દારુનો નશો કરીને શુ લવારા બકવાસ કરતા હતા તેવુ જણાવેલ નથી.તેમજ આરોપીએ દારુનો

નશો કરેલ હોય તે બાબતનો એફ.એસ.એલનો રિપોર્ટ પણ આ કામે ચાર્જશીટ સાથે રજુ થયેલ નથી. તેમજ આરોપીનું બ્લડ સેમ્પલ મેડીકલ ઓફિસર પાસે લેવડાવેલ તે બબાતનું ફોર્મ–એ પણ ચાર્જશીટ સાથે રજુ કરવામાં આવેલ નથી. ચાર્જશીટમાં કોઈ સ્વતંત્ર સાહેદનુ નામ કે નિવેદન ચાર્જશીટમાં નથી.તેમજ સદર કેસમાં ચાર્જશીટ તેમજ તે સાથે રજુ થયેલ દસ્તાવેજોની વિષયવસ્તુ ધ્યાને લેતા પ્રોહી એકટની કલમ ૮૫ મુજબ આરોપી વગર પાસ પરમીટે દારુના નશાો કરેલ હોય અને જાહેર રસ્તા લવારા બકવાટ કરતા હોય તેવો કોઈ હકીકત ફરીયાદ તેમજ સાહેદોના નિવેદનોમાં જણાતી નથી.તેથી આરોપી વિરુધ્ધ પ્રોહી કલમ ૮૫ મુજબના કોઈ ગુનાની ચાર્જશીટમાં આરોપી છાકટો બનેલ હોય અને શુ લવારા બકવાટ કરતા હતા તેની હકીકતો ફરીયાદમાં કે અન્ય સાહેદોના નિવેદનોમાં ન હોઈ પ્રોહી કલમ ૮૫(૧) મુજબના કોઈ આવશ્યક તત્વો જણાઈ આવતા ન હોઈ આરોપી સામે પ્રોહી એકટની કલમ ૮૫ (૧) મુજબના કામે ચાર્જફ્રેમ કરી શકાય તેટલો પુરાવો રેકડ પર નથી. હોય તેમ જણાઈ આવતુ ન હોઈ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## <u>આખરી હુકમ</u>

(૧) આ કામના આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ– ૨૬૨ અન્વયે ધી ગુજરાત પ્રોહી. એકટની કલમ ૮૫(૧) મુજબના ગુના સબબ ચાર્જ જેટલો પુરાવો રેકર્ડ પર રજુ કરેલ નથી. તેથી આરોપીનાઓને બીનતહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

તારીખ:૨૭/૦૫/૨૦૨૬
સ્થળ: સોનગઢ.

**(એમ.ડી.પરમાર)**
જજ કોડ નં. જીજે ૦૧૩૦૪
પ્રિન્સીપાલ સીવીલ જજ, સોનગઢ.